જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૧/૨૦૧૫ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૯૩/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૧૬૬ લીટર દેશી દારૂ, ૯૨ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ લોડીંગ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધાર હેઠળ ૦૨ કેસ કરી ૧૮ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૨૨,૦૬૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૯૪/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણ :-** **સમાચાર યાદી નં.૧૯૫/૧૫**

**નારણપુરા** : અરવિંદભાઇ લાલાભાઇ દંતાણી (ઉ.વ.૪૨) (રહે. રમતુજીની ચાલી કેશુ સીંધીની દુકાન પાસે, ચંદ્રભાગાનો કાડો, જુનાવાડજ નારણપુરા) એ તા.૨૮/૧/૧૫ નારોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પોતાની પુત્રી પુનમબહેન (ઉ.વ.૧૫) ને તા.૨૪/૧/૧૫ રાતનાં ૮/૩૦ વાગ્યાનાં સુમારે રામાપીરનો ટેકરો વણજારાવાસ નજીકથી અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.આર.ભીલ ચલાવે છે.

**છેતરપીંડીની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૧૯૬/૧૫**

**વસ્ત્રાપુર** :- અજોય મોહન ડ્યુડી (રહે. જોધપુર ગામ, સેટેલાઈટ) એ તા.૨૮/૧/૧૫ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે માહે મે -૨૦૧૪ થી આજદીન સુધી દોસીયાન પ્રા.લી. કંપની (કોર્પોરેટ ઓફીસ બીલ્ડીંગ ન-૦૯/૧૦ સીગ્મા કોર્પોરેટ રાજપથ ક્લબ પાછળ બોડકદેવ) ના મેનેજીંગ ડીરેક્ટર આસીતભાઈ ડી દોસી તથા કંપનીના અન્ય જવાબદાર વ્યક્તીઓએ ભેગામળી અજોય નાઓનાં પ્રોવીડંટ ફંડના નાણા રૂપિયા ૬૨૦૩/- તથા મહેનતાણાના નાણા રૂપિયા ૯,૩૯,૩૬૮/- ચુકવેલ નહીં અને પી.એફ, પ્રોફેશનલ ટેક્ષ, ટી.ડી.એસ.ના નાણા સરકારના જે-તે વીભાગમા જમા નહીં કરી અજોય નાઓનાં નાણા કંપનીએ તેના અંગત કામમા વાપરી અજોય સાથે તેમજ દોસીયાન પ્રા.લી. કંપનીના અન્ય કર્મચારીયો સાથે વીશ્વાસઘાત અને ઠગાઇ કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી બી ઝાલા ચલાવે છે.

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૭/૧૫</u>**

**સરખેજ :-** હિમાંશુ જયંતકુમાર જોષી (રહે.સ્વામીનારાયણ પાર્ક, જી.બી.શાહ કોલેજનાં ખાંચામાં, વાસણા) એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૧/૧૫ સાંજના ૫/૩૦ થી રાતનાં ૯/૦૦ વાગ્યા દરમ્યાન ઉજાલા હોટલ સામે આવેલ સ્વામીનારાયણ એસ્ટેટનાં ગોડાઉન નંબર ૨૧ નું શટર ઉંચુ કરી અજાણી વ્યક્તિ ગોડાઉનમાંથી ૧૨૦ કિલો કોપર પાઇપો કિંમત રૂપિયા ૭૩,૨૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.બી.ચૌધરી ચલાવે છે.

**<u>વાહન ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૮/૧૫</u>**

**ગાયકવાડ હવેલી :** જુબેર યાસીનભાઇ જાવરાવાલા (રહે.ગાજીપીર કુંભારવાડ જમાલપુર) એ તા.૬/૧/૧૫ રાતના ૦૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક નજીક પોતાની ઓટોરીક્ષા નંબર જીજે ૦૧ ડી.યુ.૨૦૫૦ કિમત રૂપિયા ૮૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી સવારનાં ૯/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ જુબેર જાવરાવાલાએ તા.૨૮/૧/૧૫ નારોજ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.ડી.કલારા ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુ :</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૯/૧૫</u>**

**રામોલ :** પ્રદ્યુમનભાઇ દશરથલાલ બારોટ (ઉ.વ.૫૪)(રહે.અમરદીપ સોસાયટી, એસ.આર.પી.કેમ્પની પાછળ કૃષ્ણનગર નરોડા) તા.૨૭/૧/૧૫ રાતના સમયે બરોડા એક્સ્પ્રેસ હાઇ-વે ઉપર સરખેજ જવાનાં રોડ ઉપરથી પસાર થતાં દરમ્યાન અજાણ્યા વાહન ચાલકે વાહન બેદરકારીથી અને પુરઝડપે ચલાવી પ્રદ્યુમનભાઇને ટક્કર મારતાં, શરીરે ગંભીર ઇજાઓ થતાં પ્રદ્યુમનભાઇનું સ્થળ ઉપર મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર પ્રદ્યુમનભાઇનાં પુત્ર રાહુલભાઇ બારોટે રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.આઇ.સોલંકી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.